| | | | | | |
|---|---|---|---|---|---|
| GJSR120002842026 | સત્યમેવ જયતે | રજુ કર્યા તારીખ | : | ૦૨/૦૨/૨૦૨૬ | |
| | | દાખલ તારીખ | : | ૦૨/૦૨/૨૦૨૬ | |
| | | ફેસલ તારીખ | : | ૧૯/૦૬/૨૦૨૬ | |
| | | સમય મર્યાદા | : | વર્ષ | માસ | દિવસ |
| | | | | ૦૦ | ૦૪ | ૧૭ |

| | |
|---|---|
| **દિ. પ. અ. નં.** | **૦૩/૨૦૨૬** |
| **આંક ::** | |

## મહે. કઠોરનાં પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં, મુ. કઠોર

| | | |
|---|---|---|
| **વાદી** | :: | રવજીભાઈ મુળજીભાઈ ગામીત તે કીકીબેન તે ભાણિયાભાઈ વાણિયાભાઈ ગામીતની પુત્રીના લીગલ રિપ્રેઝન્ટેટીવ<br>ઉ.વ.આ.૬૪, વ્યવસાય–ખેતી<br>રહે. વેલંજા, તા. કામરેજ. હાલ રહે.તા.અબ્રામા, જી.સુરત |
| | **વિરુદ્ધ** | |
| **પ્રતિવાદી** | :: | જશવંતભાઈ મોહનભાઈ ગામીત<br>ઉ.વ.આ.૫૮, વ્યવસાય–ડ્રાઈવીંગ<br>રહે.નવાનગર, વેલંજા, તા.અબ્રામા, જી.સુરત |

**અરજી :: લીમીટિશન એક્ટની કલમ ૫ અન્વયે વિલંબ માફની અરજી**

| | | |
|---|---|---|
| **વાદી તરફે** | :: | **વિ.વ.શ્રી જે. બી. ટેલર** |
| **પ્રતિવાદી તરફે** | :: | **વિ.વ.શ્રી એચ. એમ. નાકરાણી** |

**–:: જજમેન્ટ ::–**

**૧.** અરજદારની ડીલે અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, કીકીબેન તે ભાણિયાભાઈ વાણીયાભાઈની પુત્રીએ મોજે વેલંજાના બ્લોક નં.૨૭ સર્વે નં.૨૮, ૩૩ નવો બ્લોક નં.૩૮૯ તથા ૩૯૫ વાળી હેક્ટર ૨–૩૩–૫૬ ચો.મી. વાળી જમીન અંગે તા.૪/૧/૨૦૧૮ ના રોજનો બીનઅવેજી હકક રીલીઝનો કરાર રદ કરાવી લેવા માટે તેમજ હદ્દહુદથી વહેચણ માટે તેમજ અન્ય ડેકલેરેશન તેમજ મનાઈ માટે સ્પે.દી.મુ.નં.૫૯/૨૦૧૯નો દાવો તા.૮/૮/૨૦૧૯ના રોજ દાખલ કરેલો. ચાલુ દાવાએ આ કામના વાદી કીકીબેન

ભાણિયાભાઈ ગામીત તા.૧૩/૮/૨૦૨૪ના રોજ ગુજરી ગયેલા. જેઓ અરજદારના સગા કાકાની દીકરી યાને બહેન થતા હતા. તેઓએ એટલે કે સ્પે.દી.મુ.નં.૫૯/૨૦૧૯ના વાદી કીકીબેન ભાણિયાભાઈ ગામીતે તેઓની હયાતીમાં દાવાવાળી મીલકત તેમજ અન્ય મીલકત સંબંધે અરજદારની તરફેણમાં તા.૧૬/૧૨/૨૦૧૯ ના રોજ એક વીલ યાને વસીયતનામુ કરેલુ, જે વીલ યાને વસીયતનામુ નોટરી પબ્લીક રૂબરૂ તા.૧૬/૧૨/૨૦૧૯ ના રોજ અનુક્રમ નં.૩૭૩૬ થી નોધાયેલુ છે એટલે કીકીબેન ભાણિયાભાઈ ગામીતે કરેલા સ્પે.દી.મુ.નં.૫૯/૨૦૧૯ ના દાવામાં તેમના વીલ યાને વસીયતનામા આધારે વાદી તરફ જોડાવવા માટે અરજદારે તા.૨૪/૨/૨૦૨૫ ના રોજ આંક-૫૫ થી થર્ડ પાર્ટી અરજી આપેલી, જે અરજી તા.૧૬/૧/૨૦૨૬ ના રોજ નામંજુર કરેલ અને સદર દાવો તા.૧૬/૧/૨૦૨૬ ના રોજ એબેટ કરતો હુકમ કરેલો એટલે હાલની આ અરજી સદર દાવામાં થયેલુ એબેટમેન્ટ સેટ એસાઇડ કરવા માટે આપી છે.

અરજદાર વધુમાં જણાવે છે કે, સ્પે.દી.મુ.નં.૫૯/૨૦૧૯ નો દાવો એબેટ કરતો હુકમ તા.૧૬/૧/૨૦૨૬ ના રોજ કરેલ છે, જે તારીખથી અરજી દાખલ કરી તે તા.તા.૧૬/૧/૨૦૨૬ લીમીટિશન એકટના આરટીકલ ૧૨૧ મુજબ મુદતમાં છે, પરંતુ સ્પે.દી.મુ.નં.૫૯/૨૦૧૯ ના વાદી તા.૧૩/૮/૨૦૨૪ ના રોજ ગુજરી ગયેલા છે, ત્યારપછી ૯૦ દિવસમાં તેમના લીગલ રીપ્રેઝન્ટેટીવ તરીકે જોડવાની અરજી આપેલી નહી હોવાથી દાવો તા.૧૧/૧૧/૨૦૨૪ ના રોજ એબેટ થયો હોવાનુ નામદાર કોર્ટ માને તો હાલની અરજી આપવામાં ૧ વર્ષ અને ૮૨ દિવસની મુદતની ઢીલ થઈ છે, જે માફ કરવાનો આ ફીટ કેસ છે કારણ કે આ અંગે દાવાના કામે તા.૨૪/૨/૨૦૨૫ના રોજ થર્ડ પાર્ટી પક્ષકાર તરીકે વાદીમાં જોડવા માટે અરજી આપેલ હતી, પરંતુ યોગ્ય સલાહ નહી મળવાના કારણો એબેટમેન્ટ સેટ એસાઇડની અરજી આપેલી નહી હોવાના કારણે તા.૧૬/૧/૨૦૨૬ ના રોજ અરજદારની પક્ષકાર તરીકે જોડવાની અરજી નામંજુર કરી છે અને દાવો એબેટ કરવાનો હુકમ કરેલ છે, એટલે તા.૨૪/૨/૨૦૨૫ થી તા.૦૨/૦૨/૨૦૨૬ ની સમયમર્યાદા દાવાના કામે શુદ્ધબુધ્ધીપુર્વક અને બાનોફાઇડ છે, જેથી આ સમયમર્યાદા લીમીટિશન એકટ મુજબ બાદ મળે છે એટલે આ સમય પીરીયડ બાદ જતા સદર અરજી આપવામાં ૧૨૦ દિવસનો વિલંબ થયેલ છે, જે વિલંબ અસહય વિલંબ નથી અને અરજદારની બેદરકારી કે અરજદારે જાણી જોઈને કરેલો વિલંબ નથી, જેથી એબેટમેન્ટ સેટ એસાઇડ કરવાની અરજી આપવામાં થયેલો વિલંબ માફ કરવા અરજ કરેલ છે.

૨. સદરહુ કામના સામાવાળાને અરજદારની અરજીની પ્રોસેસની ધોરણસરની બજવણી કરવામાં આવેલ છે. સામાવાળા તરફ તેઓના વિ.વ.શ્રી મારફત હાજર થઈ આંક-૦૬ થી

અરજદારની હાલની અરજીનો વાંધા જવાબ રજુ કરી જણાવેલ છે કે, અરજદારની ડીલે અરજી કાયદાકીય જોગવાઈ મુજબ ચાલી શકે તેમ નથી અને તેમાં જણાવેલી હકીકતો સાચી નથી, ખરી નથી, કાયદેસર નથી અને પ્રથમદર્શનીય રદ્ધ થવા પાત્ર છે અને અરજદારની હાલની અરજી તથા સાથે કરેલ એબેટમેન્ટ સેટએસીાટની અરજી ટેનેબલ નથી અને અરજદારે હાલની ડીલે અરજી ક્યાં કાયદા હેઠળ આપેલ છે તેની કોઈ વિગત અરજીમાં જણાવેલ નથી. તેમજ ધી સીવીલ પ્રોસીજર કોડ–૧૯૦૮ ની જોગવાઈઓ મુજબની ન હોય પ્રથમદર્શનીય રદ થવાને પાત્ર છે. તેમજ અરજદાર ચોખ્ખા હાથે નામદાર કોર્ટ સમક્ષ આવેલ ન હોય હાલની ડીલે અરજી નામંજુર કરી એબેટમેન્ટ સેટએસાઇડ અરજી દફતરે કરવાની જરૂર છે. તેમજ નામદાર કોર્ટ ધ્વારા વાદીના દાવાના કામે આંક–૫૧ હેઠળ તા.૧૬/૦૧/૨૦૨૬ ના રોજ દાવો એબેટ કરતો હુકમ ફરમાવેલ છે. તેમજ હાલના અરજદારે મૂળ દાવાના કામે આંક–૫૫ થી તા.૨૪/૦૨/૨૦૨૫ ના રોજ થર્ડપાર્ટી અરજદાર તરીકે અરજી કરેલ હતી, જે નામદાર કોર્ટ દ્વારા તા.૧૬/૦૧/૨૦૨૬ ના રોજ નામંજુર કરેલ હોય ત્યારે અરજદારને હાલની ડીલે અરજી કરવાનો કોઈ હક્ક કે અધિકાર નથી. તેમજ અરજદારે તેમની ડીલે અરજીમાં થયેલ વિલંબ સબંધે દિન–પ્રતિદિનનો ખુલાસો કરેલ નથી. તેમજ તા.૨૪/૦૨/૨૦૨૫ થી પક્ષકાર તરીકે જોડાવવા માટે અરજી નામંજુર કરતા હુકમ સામે અરજદારે આજદિન સુધી કોઈ એપેલન્ટ કોર્ટમાં અપીલ પણ કરેલ નથી, ત્યારે માત્ર અગાઉના વકીલશ્રી પર આક્ષેપો કરી દેવાથી અરજદારની વિલંબ માફ કરવાની અરજીમાં જણાવેલ હકીકતો માની શકાય નહી કે અરજદારનો વિલંબ માફ કરી શકાય નહી. સદરહુ કામના અરજદારે હાલની ડીલે અરજીમાં મુળ દાવાના વકીલશ્રી ઉપર ખોટા આક્ષેપો કરી હાલની એબેટમેન્ટ સેટએસાઇટ કરવામાં થયેલ ડીલે અરજીમાં ખોટા કારણો જણાવતા હોવાનુ પ્રથમ દર્શનીય રીતે જણાય આવે છે. જેથી પણ અરજદારની હાલની ડીલે અરજી નામંજુર કરવાની ખાસ જરૂર છે. તેમજ અરજદાર દ્વારા તેમની ડીલે અરજીમાં મુળ દાવાના વાદી ગુજરી ગયાના ૧ વર્ષ અને ૮૨ દિવસના વિલંબ બાદ અરજદારે થર્ડ પાર્ટી તરીકે પક્ષકાર જોડાવવા માટે તા.૨૪/૦૨/૨૦૨૫ ના રોજ કરેલાનું ખોટુ જણાવી રહેલ છે. તેમજ અરજદાર દ્વારા હાલની ડીલે અરજીમાં જે કારણો રજુ કરેલા છે તે નામદાર કોર્ટને ગેરમાર્ગે દોરનારા હોય તેવું પ્રાયમાફેસી જણાઈ આવે છે, જેથી અરજદારની ડીલે અરજી નામંજુર કરવાની જરૂર છે. તેમજ અરજદારે તા.૧૬/૦૧/૨૦૨૬ ના રોજ નામદાર કોર્ટમાંથી નકલો મેળવ્યા બાદ તા.૦૨/૦૨/૨૦૨૬ સુધી હાલની અરજી દાખલ કરવા સંબંધે થયેલ વિલંબ અંગેનુ કોઈ સ્પષ્ટ કારણ જણાવેલ નથી કે દિન–પ્રતિદિનના ખુલાસો પણ કરેલ નથી, જેથી પણ હાલની ડીલે અરજી નામંજુર કરવાની જરૂર છે.

**3.** સદરહુ કામના પક્ષકારો તરફથી વિ.વ.શ્રી નાઓની દલીલ સાંભળવામાં આવેલ છે. અરજદાર તરફથી તેઓની અરજી મુજબની તેમજ સામાવાળા તરફથી તેમના વાંધા જવાબ મુજબની દલીલ કરવામાં આવેલ છે. પક્ષકારો તરફની રજુઆત તેમજ રેકર્ડ ઉપરની હકીકતો જોતા હાલના અરજદાર ધ્વારા સ્પે.દી.મુ.નં.૫૯/૨૦૧૯ નો દાવો કરેલ, જેમાં ચાલુ દાવાએ વાદી કીકીબેન ભાણિયાભાઈ ગામીત કે જેઓ અરજદારના સગા કાકાની દીકરી યાને બહેન થતા હતા તેઓ તા.૧૩/૮/૨૦૨૪ ના રોજ ગુજરી ગયેલા. સ્પે.દી.મુ.નં.૫૯/૨૦૧૯ ના દાવામાં તેમના વીલ યાને વસીયતનામા આધારે વાદી તરફ જોડાવવા માટે અરજદારે તા.૨૪/૨/૨૦૨૫ ના રોજ આંક-૫૫ થી થર્ડ પાર્ટી અરજી આપેલી, જે અરજી સાથે એબેટમેન્ટ સેટેસાઇડની અરજી આપવામાં આવેલ ન હોય તા.૧૬/૧/૨૦૨૬ ના રોજ થર્ડ પાર્ટી જોડાવાની અરજી નામંજુર કરવામાં આવેલ અને દાવો એબેટ કરતો હુકમ તા.૧૬/૧/૨૦૨૬ ના રોજ કરેલ છે. કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લઈએ તો, સ્પે.દી.મુ.નં.૫૯/૨૦૧૯ ના વાદી તા.૧૩/૮/૨૦૨૪ ના રોજ ગુજરી ગયા પછી ૯૦ દિવસમાં તેમના લીગલ રીપ્રેઝન્ટેટીવ તરીકે જોડવાની અરજી આપેલી નહી હોવાથી દાવો તા.૧૧/૧૧/૨૦૨૪ ના રોજ એબેટ થયેલ ગણાય. ત્યારબાદ એબેટમેન્ટ સેટેસાઇડની અરજી ૬૦ દીવસમાં તા.૧૦/૦૧/૨૦૨૫ સુધીમાં આપવામાં આવેલ નથી અને હાલ તા.૨/૨/૨૦૨૬ ના રોજ અરજી કરેલ છે એટલે કુલ ૩૮૮ દિવસનો વિલંબ થયેલ છે. અરજદારના કથન મુજબ તેઓ શુધ્ધબુધ્ધિ પુર્વક જોડાવવા માટે આવેલ હતા પરંતુ તેઓને યોગ્ય કાયદાકીય સલાહ ન મળી અને તેથી તેઓ એબેટમેન્ટ સેટેસાઇડની અરજી કરી શકેલ નહી. જ્યારે સામાવાળા તરફ રજુઆત એવી છે કે, અરજદાર અગાઉના વકીલશ્રી ઉપર દોષ નાખી દે તેનાથી કાયદાકીય જવાબદારીમાંથી છટકી શકે નહી. આમ, રેકર્ડ ઉપરની હકીકતો ધ્યાને લેતા અરજદાર તરફ પક્ષકાર તરીકે જોડાવવા માટેની અરજી આપવામાં આવેલ છે પરંતુ અરજદારને યોગ્ય કાયદાકીય સલાહ મળી શકેલ નથી અને તેથી તેઓ દાવાના કામે એબેટમેન્ટ સેટેસાઇડની અરજી કરી શકેલ ન હતા અને દાવો એબેટ થઈ ગયેલ હોવાનું જણાવેલ છે. આમ, એબેટમેન્ટ સેટેસાઇડ કરવાની અરજીમાં વિલંબ થવા માટેનું જે કારણ દર્શાવેલ છે તે યોગ્ય અને વાજબી જણાય છે. નામદાર સર્વોચ્ચ અદાલત અને નામદાર ઉચ્ચ અદાલતોએ સ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા વધુ ટેકનીકલ ન બની વિલંબ દરગુજર કરવામાં લીબરલ વ્યુહ અપનાવવો જોઈએ તેમ ઠરાવેલ હોય તે ધ્યાને લેતા વિલંબ દરગુજર કરવું યોગ્ય અને ઉચિત જણાય છે, પરંતુ અરજદાર તરફ થયેલ વિલંબનો સમયગાળો ધ્યાને લેતા ન્યાયિક પ્રક્રિયામાં પણ વિલંબ થયેલ હોય અરજદારે કોસ્ટની રકમ જમા કરાવ્યેથી વિલંબ દરગુજર કરવું ન્યાયોચીત જણાતુ હોય નીચે મુજબનો હુકમ કરૂ છું.

**–:: હુકમ ::–**

| | |
|---|---|
| ૧. | અરજદારે રૂ. ૧,૦૦૦/– (એક હજાર) કોસ્ટ સ્વરૂપે TLSC, Kathor ખાતે જમા કરાવ્યેથી અરજદારને એબેટમેન્ટ સેટેસાઇડ કરવાની અરજીમાં થયેલ વિલંબ દરગુજર કરવાનો હુકમ કરવામાં આવે છે. |
| ૨. | અરજદાર તરફ કોસ્ટની રકમ જમા કરાવ્યેથી અરજદારની એબેટમેન્ટ સેટએસાાઇડ કરવાની અરજી સીવીલ મીસસેલેનીયસ રજીસ્ટરે નોંધીને સામાવાળાને તા............ ના રોજ સુનાવણી માટે હાજર રહેવા નોટીસ કરવી. |

હુકમ આજ તારીખ :: ૧૯ મી, માહે :: જુન, સને :: ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

| | |
|---|---|
| તારીખ :: ૧૯/૦૬/૨૦૨૬ | વી.એલ.પરદેશી |
| સ્થળ :: કઠોર | પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ, કઠોર |
| | GJ01013 |